**<u>પ્રેસ નોટ</u>** **16 FEBRUARY, 2016**

## માનસિંહભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી (MIDFT), મહેસાણા
## દૂધસાગર ડેરી કેમ્પસ, મહેસાણા

### MIDFT કોલેજઃ દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકની દિકરીએ કામધેનુ યુનિવર્સિટીની બેસ્ટ સ્ટુડન્ટ નો ગોલ્ડ મેડલ મેળવ્યો



માનસિંહભાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી (MIDFT) કોલેજ, મહેસાણાની પહેલી બેચની વિદ્યાર્થીની કુ. નિશા નારાયણભાઈ ચૌધરી કામધેનુ યુનિવર્સિટીની બેસ્ટ સ્ટુડન્ટ જાહેર થઈ અને ૧૨મી ફેબ્રુઆરીના યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજયપાલશ્રી ઓ. પી. કોહલી ના હાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો જેMIDFT કોલેજ અને દૂધસાગર ડેરી માટે ગૌરવ ની વાત છે.

દૂધસાગર ડેરી દ્વારા તેની સ્વર્ણ જયંતી વર્ષ ની ઉજવણી દરમ્યાન ૨૦૧૦માં MIDFT કોલેજની સ્થાપનાનો એક ઉદેશ્ય હતો કે મહેસાણા જિલ્લા દૂધ સંઘ સાથે જોડાયેલ દૂધ ઉત્પાદકોના સંતાનોને બી.ટેક (ડેરી ટેકનોલોજી) ના કોર્ષના માધ્યમથી ઘડતર કરી ડેરી તજજ્ઞ–પ્રોફેશનલમાં રૂપાંતર કરી શકાય એટલે કે "દૂધ દોહનારી બનશે ડેરી ટેકનોક્રેટ"

નોંધનીય વાત છે કેદૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકની દિકરી કુ. નિશા નારાયણભાઈ ચૌધરીએ બેસ્ટ સ્ટુડન્ટ નો ગોલ્ડ મેડલ મેળવ્યો છે કે જેની માતા રાજીબેન નારાયણભાઈ ચૌધરી દૂધ ઉત્પાદનનો વ્યવસાય કરે છે અને સરેરાશ વાર્ષિક રોજનું ૧૦ લીટર દૂધ ચરાડા ગામની દૂધ મંડળીમાં ભરાવી મહેસાણા જિલ્લા દૂધ સંઘ – દૂધસાગર ડેરી સાથે સંકળાયેલ છે ત્યારે MIDFT કોલેજ દ્વારા દૂધસાગર ડેરીનો "દૂધ દોહનારી બનશે ડેરી ટેકનોક્રેટ" ઉદેશ્ય સાર્થક થયો છે.

MIDFT કોલેજ ,મહેસાણા કામધેનુ યુનિવર્સિટીની સાથે સંલગ્ન રહી ૨૦૧૧થી બી.ટેક (ડેરી ટેકનોલોજી)નો કોર્ષ ચલાવે છે અને ૨૦૧૫માં આ કોલેજની પહેલી જ બેચ પાસ થઈ જેના બધાજ વિદ્યાર્થીઓનેમહેસાણા જિલ્લા દૂધ સંઘ ની વિવિધ ડેરીઓમાં સમાવવામાં આવ્યા છે.

MIDFT કોલેજ તથા સમગ્ર દૂધસાગર ડેરી પરિવાર કુ. નિશા નારાયણભાઈ ચૌધરીને તેની આ ઉપલબ્ધી માટે અભિનંદન પાઠવે છે.